શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૪

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી**

# સ્તોત્ર- અર્થ રહસ્ય

## બૃહદ્ શાંતિ – સૂત્ર–પરિચય

મહર્ષિ નંદિષેણકૃત અજિત-શાંતિ-સ્તવ એની મંગલમય રચનાને કારણે ઉપસર્ગ-નિવારક અને રોગ-વિનાશક મનાય છે. શ્રીમાન દેવસૂરિકૃત શાંતિ-સ્તવ એની મંત્રમય રચનાને કારણે સલિલાદિ-ભય-વિનાશી અને શાંત્યાદિકર મનાય છે, અને વાદિવેતાલ શ્રી શાંતિસૂરિકૃત આ શાંતિપાઠ જે સામાન્ય રીતે બૃહદ્દ્ચ્છાંતિ કે વૃદ્ધશાન્તિ (મોટી શાન્તિ)નાં નામથી ઓળખાય છે, તે એમાં આવેલા શાંતિમંત્રોથી શાંતિકર, તુષ્ટિકર અને પુષ્ટિકર મનાય છે.

આ સૂત્ર જિનબિંબની પ્રતિષ્ઠા, રથયાત્રા તથા સ્નાત્રના અંતે બોલાય છે.

**ભો ભો ભવ્યલોકા ! ઈહ હિ ભરતૈરાવત-વિદેહ-સમ્ભવાનાં સમસ્ત-તીર્થકૃતાં જન્મન્યાસન-પ્રકમ્પાનન્તરમવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ, સુઘોષા-ઘણ્ટા-ચાલનાનન્તરં, સકલ-સુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનયમર્હદ્-ભટ્ટારકં ગૃહીત્વા, ગત્વા કનકાદ્રિશૃઙ્ગે, વિહિત-જન્માભિષેકઃ શાન્તિમુદ્ઘોષયતિ યથા, તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા '' મહાજનો યેન ગતઃ સ પન્થાઃ'' ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાન્તિમુદ્ઘોષયામિ, તત્પૂજા-યાત્રા-સ્નાત્રાદિ-મહોત્સવાનન્તરમિતિ કૃત્વા કર્ણં દત્ત્વ નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા ॥૨॥**

**શબ્દાર્થ :-**

**ભોઃ ભોઃ ભવ્યલોકાઃ !** -હે ભવ્યજનો !
**ઈહ હિ** -આ જગતમાં, આ જ અઢીદ્વીપમાં.
**ભરતૈરાવત-વિદેહ-સમ્ભવાનાં** -ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા.
**સમસ્ત-તીર્થકૃતામ્** -સર્વ તીર્થંકરોના. સમસ્ત-સર્વ. તીર્થકૃત્ તીર્થંકર.
**જન્મનિ** -જન્મને વિષે, જન્મ સમયે.
**આસન-પ્રકમ્પાનન્તરમ્** -આસનનો પ્રકંપ થયા પછી. સિંહાસન કંપ્યા પછી.
**અવધિના** -અવધિજ્ઞાન વડે.
**વિજ્ઞાય** -જાણીને.
**સૌધર્માધિપતિઃ** -સૌધર્મેન્દ્ર.
**સુઘોષા-ઘણ્ટા-ચાલનાનન્તરમ્** -સુઘોષાઘંટા વગડાવ્યા પછી. સુઘોષા-ઘણ્ટા-સુઘોષા નામ દેવલોકની ઘંટા. ચાલતા વગડાવવી તે. અનન્તરમ પછી.
**સકલ-સુરાસુરેન્દ્રૈઃ** -બધા સુરેન્દ્રો અને અસુરેન્દ્રો સાથે આવીને.
**સવિનયમ્** - વિનયપૂર્વક.
**અર્હદ્ભટ્ટારકં** -પૂજ્ય અરિહંતદેવને.
**ગૃહીત્વા,** -હાથમાં ગ્રહણ કરીને
**ગત્વા** -જઈને.
**કનકાદ્રિશ્રૃંગે** - મેરુ પર્વતનાં શિખર ઉપર.
**વિહિત-જન્માભિષેકઃ** -જેણે જન્માભિષેક કર્યો છે.
**શાન્તિમ્ ઉદ્ઘોષયતિ** -શાંતિની ઉદ્ઘોષણા કરે છે.
**યથા** -જેવી રીતે, જેમ.
**તતઃ** -તેથી, તેમ.
**અહમ્** -હું.
**કૃતાનુકારમિતિ કૃત્વા** -કરેલાનું અનુકરણ કરવું એમ માનીને. કૃત-કરાયેલું. અનુકાર-અનુકરણ. ઇતિ-એમ. કૃત્વા- કરીને, માનીને.
**મહાજનો યેન ગતઃ સ પન્થાઃ' ઈતિ** -જે માર્ગથી શ્રેષ્ઠ પુરુષ ગયા તે માર્ગ' એમ જાણીને.
**ભવ્યજનૈઃ સહ** -ભવ્યજનો સાથે.
**સમેત્ય** -આવીને.
**સ્નાત્રપીઠે** -સ્નાત્રપીઠે.
**સ્નાત્રં** -સ્નાત્ર.
**વિધાય** -કરીને.
**શાન્તિમ્** - શાંતિની.
**ઉદ્ઘોષયામિ** -ઉદ્ઘોષણા કરું છું.

**તત્** -તો

**પૂજા-યાત્રા-સ્નાત્રાદિ-મહોત્સવાનન્તરમિતિ કૃત્વા** - પૂજા-મહોત્સવ, (રથ) યાત્રા-મહોત્સવ, સ્નાત્રયાત્રા- મહોત્સવ, વગેરેની પૂર્ણાહૂતિ કરીને.

**કર્ણં દત્ત્વા** -કાન દઇને.

**નિશમ્યતાં નિશમ્યતાં** - સાંભળો, સાંભળો,

**સ્વાહા** -સ્વાહા. આ પદ શાંતિકર્મનું પલ્લવ છે.

**અર્થ-સંકલ્પના :-**

હે ભવ્યજનો ! આ જ અઢીદ્વીપમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા સર્વ તીર્થંકરોના જન્મ-સમયે પોતાનું આસન કંપતા સૌધર્મેન્દ્ર અવધિજ્ઞાનવડે (તીર્થંકરનો જન્મ થયેલો) જાણીને, સુઘોષા-ઘંટા વગડાવીને (ખબર આપે છે, પછી) બધા સુરેન્દ્રો અને અસુરેન્દ્રો સાથે આવીને વિનયપૂર્વક શ્રી અરિહંત ભગવંતને હાથમાં ગ્રહણ કરીને મેરુપર્વતમાં શિખર ઉપર જઇને જન્માભિષેક કર્યા પછી જેમ શાન્તિની ઉદ્ઘોષણા કરે છે, તેમ હું (પણ) કરેલાનું અનુકરણ કરવું એમ માનીને 'મહાજનો જે માર્ગે જાય, તે જ માર્ગ,' એમ જાણીને ભવ્યજનો સાથે આવીને, સ્નાત્રપીઠે સ્નાત્ર કરીને શાંતિની ઉદ્ઘોષણા કરું છું, તો તમે બધા પૂજા-મહોત્સવ, (રથ) યાત્રા-મહોત્સવ, સ્નાત્ર- મહોત્સવ વગેરેની પૂર્ણાહૂતિ કરીને કાન દઇને સાંભળો ! સાંભળો ! સ્વાહા. ૨

**મૂળ-**

(૩. શાંન્તિપાઠ)

**(૧) ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયન્તાં પ્રીયન્તાં, ભગવન્તોઽર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિનસ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતાસ્ત્રિલોક પૂજ્યાસ્ત્રિલોકેશ્વરાસ્ત્રિલોકદ્યોતકરાઃ ॥૩॥**

**શબ્દાર્થ :-**

**ૐ** - ૐકાર, પરમતત્ત્વની વિશિષ્ટ સંજ્ઞા, પ્રણવબીજ. એક અક્ષરરૂપે તે પરમતત્ત્વનો વાચક છે અને અક્ષરો જુદા પાડીએ તો પંચ પરમેષ્ઠિનો વાચક છે.

**પુણ્યાહં પુણ્યાહં** - આજનો દિવસ પવિત્ર છે, આ અવસર માંગલિક છે. પુણ્ય-પવિત્ર, અહન્ - દિવસ.

**પ્રીયન્તામ્ પ્રીયન્તામ્** -પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.

**ભગવન્તઃ** -ભગવંતો.

**અર્હન્તઃ** -અરિહંતો.

**સર્વજ્ઞાઃ** -સર્વજ્ઞો.

**સર્વદર્શિનઃ** - સર્વદર્શીઓ.

**સ્ત્રિલોકનાથાઃ** -ત્રિલોકના નાથો.

**ત્રિલોકમહિતાઃ** -ત્રિલોકથી અર્ચાયેલા.

**ત્રિલોકપૂજ્યાઃ** -ત્રિલોકના પૂજ્યો.

**ત્રિલોકેશ્વરા** -ત્રિલોકના ઇશ્વરો.

**ત્રિલોકદ્યોતકરાઃ** -ત્રિલોકમાં ઉદ્યોત કરનારાઓ.

**અર્થ-સંકલના-**

ૐ આજનો દિવસ પવિત્ર છે, આ અવસર માંગલિક છે. સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રિલોકના નાથ, ત્રિલોકથી અર્ચિત, ત્રિલોકના પૂજ્ય, ત્રિલોકના ઈશ્વર, ત્રિલોકમાં ઉદ્યોત કરનારા અરિહંત ભગવંતો પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. ૩

**મૂળ-**

**ૐ ઋષભ-અજિત-સમ્ભવ-અભિનન્દન-સુમતિ-પદ્મપ્રભ-સુપાર્શ્વ-ચંદ્રપ્રભ-સુવિધિ-શીતલ- શ્રેયાંસ- વાસુપૂજ્ય-વિમલ-અનન્ત-ધર્મ-શાન્તિ-કુન્થુ-અર-મલ્લિ-મુનિસુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વ- વર્દ્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા ।। ૪ ।।**

શબ્દાર્થ-

સ્પષ્ટ છે.

**અર્થ-સંકલના-**

ૐ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ, ચન્દ્રપ્રભ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાનસ્વામી જેમાં છેલ્લા છે, એવા ચોવીસે શાંત જિનો અમને શાંતિ કરનારા થાઓ. સ્વાહા. ૪.

**મૂળ-**

**(૨) ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજય-દુર્ભિક્ષ-કાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ।।૫।।**

શબ્દાર્થ-

**ૐ** -ૐ

**મુનયો મુનિપ્રવરા** -મુનિઓમાંશ્રેષ્ઠ એવા મુનિઓ.

**રિપુવિજય-દુર્ભિક્ષ-કાન્તારેષુ** -શત્રુવડે કરવામાં આવતા વિજયમાં, દુષ્કાલમાં (પ્રાણ ધારણ કરવાના પ્રસંગે), ગહન-અટવીમાં (પ્રવાસ કરવાના પ્રસંગે).

**દુર્ગમાર્ગેષુ** -વિકટ માર્ગોને ઓળંગતા.

**રક્ષન્તુ** -રક્ષણ કરો.

**વઃ** -તમારું.

**નિત્યં** -પ્રતિદિન.

**સ્વાહા** -સ્વાહા.

**અર્થ-સંકલના-**

ૐ શત્રુવડે કરવામાં આવતા વિજય-પ્રસંગે, દુષ્કાલમાં (પ્રાણ ધારણ કરવાના પ્રસંગે), ગહન અટવીમાં (પ્રવાસ કરવના પ્રસંગે) તથા વિકટ માર્ગો ઓળંગવાના પ્રસંગે મુનિઓમાં શ્રેષ્ઠ એવા મુનિઓ તમારું નિત્ય રક્ષણ કરો. સ્વાહા. ૫

મૂળ-

**(૩) ત્રું - હ્રીં - શ્રીં - ધૃતિ-મતિ-કીર્તિ-કાન્તિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધા-વિદ્યા-સાધન-પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીતનામાનો જયન્તુ તે જિનેન્દ્રાઃ ॥૬॥**

શબ્દાર્થ :-

**ત્રું** - ત્રું

**હ્રીં-શ્રીં-ધૃતિ-મતિ-કીર્તિ-કાન્તિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધા-વિદ્યા-સાધન-પ્રવેશ-નિવેશનેષુ** - શ્રીં, હ્રીં, ધૃતિ, મતિ, કીર્ત્તિ, કાંતિ, બુદ્ધિ, લક્ષ્મી અને મેધા એ નવ સ્વરૂપવાળી સરસ્વતીની સાધનામાં, યોગના પ્રવેશમાં તથા મંત્ર-જાપનાં નિવેશનમાં.

**સુગૃહીતનામાન**-સારી રીતે ઉચ્ચારણ કરાયેલાં નામવાળા, જેમનાં નામોનું આદરપૂર્વક ઉચ્ચારણ કરાય છે.

**જયન્તુ** - જય આપનારા થાઓ.સાનિધ્ય કરનારા થાઓ.

**તે**-તે.

**જિનેન્દ્રાઃ** - જિનવરો.

અર્થ-સંકલના-

**ત્રું** હ્રીં, શ્રીં ધૃતિ, મતિ, કીર્તિ, કાંતિ, બુદ્ધિ, લક્ષ્મી અને મેધા એ નવસ્વરૂપવાળી સરસ્વતીની સાધનામાં, યોગના પ્રવેશમાં, તેમજ મંત્રજપનાં નિવેશનમાં જેમનાં નામોનું આદરપૂર્વક ઉચ્ચારણ કરાય છે, તે જિનવરો જય પામો-સાન્નિધ્ય કરનારા થાઓ. ૬

# જિનશાસના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

## તત્વાર્થસૂત્ર રચયિતા, વિરલ જ્ઞાની

## ૭ શ્રી ઉમાસ્વાતિ મહારાજ

વીર નિર્વાણ સવંત ૭૭૦ ની આસપાસ એક અત્યંત પ્રભાવશાળી અને પ્રકાંડ પંડિત જિનશાસનમાં પ્રગટ થયા... જેમનું સૌભાગ્યશાળી નામ હતું... શ્રી ઉમાસ્વાતિજી મહારાજ.

ન્યગ્રોધિકા ગામ એમની જન્મભૂમિ હતી...

કૌભિષણી નામે એમનું ગોત્ર હતું...

ઉમા એમના માતુશ્રીનું નામ હતું...

સ્વાતિ એમના પિતાશ્રી હતા...

વેદશાસ્ત્રોમાં પારંગત હતા... તો સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા...

જિનપ્રતિમા ના દર્શનથી વૈરાગ્ય પામી... સંસાર ત્યાગી સાધુ બનવા ઉદ્યમવંત થયા હતા.. માતા અને પિતાના નામને જોડીને દીક્ષા પછી એમનું નામ ઉમાસ્વાતિ રાખવામાં આવ્યું હતું...

પૂજ્ય ઉમાસ્વાતિજી મ.ના દીક્ષા ગુરુ ઘોષનંદિ આચાર્ય ભગવંત હતા. તેઓશ્રી અગિયાર અંગના ધારક હતા. પૂજ્ય ઉમાસ્વાતિજી મ.ના વિદ્યાગુરુ પૂજ્યપાદ 'મૂલ' નામે વાચનાચાર્ય હતા.

ઉમાસ્વાતિજી જિનશાસનના એક માત્ર એવા શ્રમણરત્ન છે જેમને બન્ને શ્વેતાંબર અને દિગંબર પરંપરામાં માન્યતા આપવામાં આવી છે. એમના જ્ઞાન અને વિદ્વતાની પ્રસંશા કરવામાં આવી છે.

પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજે પોતાના જીવનકાળ દરમ્યાન અનેક ગ્રંથોની રચના કરી છે. શ્વેતાંબર પરંપરા એમણે પાંચસો ગ્રંથ રચ્યા છે એ વાતને માન્યતા આપે છે.... સ્વીકારે છે. તત્વાર્થસૂત્ર ભાષ્ય સહ 'જંબુદ્વીપ-સમાસ, પૂજા પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ, ક્ષેત્રસમાસ, પ્રશમરતિ પ્રકરણ વિગેરે ગ્રંથો પૂ. ઉમાસ્વાતિજીના જ રચેલા છે.

'તત્વાર્થ-સૂત્ર' પૂજ્યપાદ ઉમાસ્વાતિજી મ. ના જ્ઞાનશક્તિનો અદ્‌ભૂત પરિચય કરાવનાર એક અમુલ્ય ગ્રંથ છે. જિન શાસનના ત્રિકાલ સત્ય સિદ્ધાંતોનો એ ખજાનો છે તો સાથે સાથે આગમગ્રંથના મહત્વના સૂત્રોનો અપૂર્વ સંગ્રહ છે. 'તત્વાર્થ સૂત્ર' એક જિનશાસનનો સાર અને અર્ક રૂપ ગ્રંથ છે. આ તો જિનશાસનનો અજોડ ગ્રંથ છે જે જિન શાસનનું પ્રતિનિધિત્વ કરવા સમર્થ છે. 'તત્વાર્થ સૂત્ર'માં શું નથી ? એતો જણાવો. વિશ્વમાં એકે વિષય એવો નથી. જેને તત્વાર્થ સૂત્રની સ્પર્શના ન થઇ હોય. એમાં જીવોનું સ્વરૂપ દર્શાવતું જીવ વિજ્ઞાન છે તો જડનો પરિચય કરાવતું જડ વિજ્ઞાન પણ છે. ભૂમિની વાતો કરતો

ભુગોળ પણ છે તો આકાશનું સ્વરૂપ જણાવતું ખગોળશાસ્ત્ર પણ છે... વિશ્વનું સ્વરૂપ સમજાવતું લોક-અલોક વિજ્ઞાન છે... તો શરીરના સ્વરૂપને સમજાવતું આરોગ્યશાસ્ત્ર પણ છે. આત્માની અનંતશક્તિનો પરિચય આપનાર આત્મવિજ્ઞાન પણ છે. મન સાધ્યુ તેણે સઘળું સાધ્યું... એની પ્રતિતી કરાવતું માનસ શાસ્ત્ર પણ છે.

તત્વાર્થ સૂત્રમાં ૧૦ અધ્યાય અને ૩૫૭ સૂત્ર છે.

પ્રથમ ચાર અધ્યાયમાં સૂત્રસંખ્યા-૧૫૮ વિષય-જીવના ભેદ-પ્રભેદ, નરક અને દેવ ભૂમિઓ તથા ભૌગોલિક સ્થિતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પાંચમાં અધ્યાયમાં ૪૨ સૂત્રો છે. આ સૂત્રો દ્વારા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું વિવેચન કરવામાં આવ્યું છે.

છઠ્ઠા અધ્યાયમાં ૨૭ સુત્રો છે. આ સૂત્રો દ્વારા આશ્રવતત્વનું રહસ્ય જણાવવામાં આવ્યું છે.

સાતમાં અધ્યાયમાં ૩૯ સૂત્રો છે. આ સૂત્રો દ્વારા સંવરતત્વની અપૂર્વ સમજણ આપવામાં આવી છે.

આઠમાં અધ્યાયમાં ૨૬ સૂત્રો છે તો અહિં કર્મતત્વનું નિરુપણ કરવામાં આવ્યું છે.

નવમાં અધ્યાયમાં ૪૭ સૂત્રો છે અને એના દ્વારા નિર્જરાતત્વની સરલભાષામાં સમજણ આપવામાં આવી છે.

દસમા અધ્યાયમાં ૭ સૂત્રો છે એનામાં મોક્ષતત્વની પ્રરૂપણા કરવામાં આવી છે.

'તત્વાર્થ સૂત્ર' ઉપર ઉમાસ્વાતિ દ્વારા જ 'તત્વાર્થાધિગમભાષ્ય' ભાષ્યની 'સ્વોપજ્ઞ ટિકાની રચના કરવામાં આવી છે. જિન શાસનના અનેકાનેક મહાચાર્યોએ 'તત્વાર્થ સૂત્ર' ઉપર વિવેચન લખ્યા છે.

દિગંબર સંપ્રદાયમાં પણ 'તત્વાર્થ સૂત્ર'નું આગવું સ્થાન છે. એમની તત્વાર્થસૂત્રની ટીકાઓ 'સર્વાર્થ સિદ્ધિ', શ્રુતસાગરી, રાજવાર્તિક અને શ્લોકવાર્તિક નામથી પ્રસિદ્ધ છે.

તત્વાર્થસૂત્રની સૌથી મોટિ ટીકા શ્વેતાંબર પરંપરાના શ્રી સિદ્ધસેન ગણીની છે.

આચાર્ય હરિભદ્રસૂરિએ તત્વાર્થભાષ્યપર લઘુવૃત્તિની રચના કરી છે. જેમાં પ્રથમના પાંચ અધ્યાયનોજ સમાવેશ થાય છે. ગત સદિના આચાર્ય ભગવંત શ્રી આત્મારામજી મહારાજે, શ્રી ઉમાસ્વાતિજીએ 'તત્વાર્થ સૂત્ર'નું ક્યું સૂત્ર ક્યા આગમમાંથી ઉદ્ધરિત કર્યું છે તે જણાવતું વિશિષ્ટ સંશોધન પણ પ્રગટ કર્યું છે.

આવા આગમજ્ઞાતા તત્વાર્થસૂત્ર રચયિતા ઉમાસ્વાતિજી મહારાજને કોટિ કોટિ વંદના.

દિગંબર પરંપરા પૂજ્યશ્રીને શ્રુતકેવલી સમાન ગણે છે.

# જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

## ૧૪૪૪ ગ્રંથના રચયિતા

## ૮ પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિ

મેવાડની વીરભૂમિ...

ચિત્રકૂટ પર્વત જે ચિત્તોડગઢના નામે પ્રસિદ્ધ છે...

એજ પર્વતની તલેટીમાં ચિત્રકૂટ (ચિત્તોડ) નામે નગર હતું...

આજથી લગભગ ૧૨૦૦ વરસ પહેલા જિતારિ નામે રાજા રાજ્ય કરતા હતા... રાજા પ્રજાવત્સલ... નીતિવત્સલ... દયાવત્સલ અને રણવત્સલ હતા... આ રાજવીના જે પુરોહિત હતા એમનું નામ શ્રી હરિભદ્ર હતું...

જાતે બ્રાહ્મણ અને કર્મે પુરોહિત હતા.... ચૌદ વિદ્યાના જાણકાર હતા... વિદ્વાન હતા... ઉત્કટ નૈયાયિક હતા... સાથે રાજમાન્ય પુરોહિત હોવાથી અહંકારી હતા... એમને ખાત્રી હતી કે છ ખંડમાં એમની જેવો કે એમના શિષ્ય જેવો પણ કોઇ પંડિત નથી. એથી આ હરિદેવ ભૂદેવે ત્રણ નિશાનીઓ રાખી હતી. એક નિસરણી, એક કોદળો, એક જાળ. જેથી વાદિને નિસરણીથી આકાશમાંથી, કોદળાથી જમીનમાંથી અને જાળથી પાણીમાંથી પણ પકડી શકાય. 'મારા જેવો સમસ્ત જંબૂદ્વિપમાં કોઇ જ નથી.' તે જણાવવા પોતાના હાથમાં જંબૂલતા રાખતા. આ સંસારમાં કોઇ નથી ભણ્યું એટલું ભણવાથી પેટ ફાટી ન જાય એ માટે પેટે પાટો બાંધતા. આ બધાની સાથે એમની એક મહાપ્રતિજ્ઞા હતી. 'જેનું કહેલું હું ન સમજુ તેનો શિષ્ય પણ થઇ જાઉં.'

એકદા હરિભદ્ર રાજમહેલમાંથી નિકળીને પોતાના ઘર તરફ ચાલ્યા જતા હતા... માર્ગમાં સાધ્વીજી ભગવંતોનો ઉપાશ્રય આવતો હતો. ઉપર સાધ્વીજી ભગવંત સ્વાધ્યાય કરતા હતા. એમની ગાથા હતી-

**'' चक्कीदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की ।**
**केसव चक्की केसव दु चक्की केसव चक्की य ।। ''**

હરિભદ્ર ભટ્ટજીએ ગાથા બરાબર સાંભળી-અવધારી તેના અર્થને સમજવા ઘણો જ પ્રયાસ કર્યો પણ અર્થ ન સમજાયો. ભટ્ટજી જૈન સાધ્વીજી પાસે પહોંચી ગયા- '' આર્યાજી ! તમે તો આ ગાથામાં ઘણો જ ચકચકાટ કર્યો.'

જૈન સાધ્વીજીએ શાંતિજી જવાબ આપતા કહ્યું- ''બાપુ ! નવું નવું તો આવું જ હોય.''

હરિભદ્ર ભટ્ટને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી તેઓશ્રી અતિ નમ્ર બન્યા એમણે વિનમ્રભાવે સાધ્વીજી ભગવંતને કહ્યું-

''હે માતાજી ! તમે મને તમારો ચેલો કરો અને પછી મને આ ગાથાનો અર્થ સમજાવો.''

સાધ્વીજી ભગવંતે સમજાવ્યું- '' સાધ્વીજી શ્રાવકને ચેલો ન બનાવે... જો તમારે ચેલા બનવું હોય... ગાથાનો અર્થ સમજવો હોય તો આજ નગરીમાં શ્રી જિનભટ્ટમુનિજી પાસે પધારો.

પૂ. હરિભદ્ર ભટ્ટે સાધ્વીજીના શિષ્ય બનાવા માટે ઘણો જ પ્રયાસ કર્યો... પરંતુ પરિણામ શુન્ય. અંતે તેઓશ્રી મહત્તરા સાધ્વીજીને સાથે લઇ જિનભટ્ટમુનિજી પાસે જવા નિકળ્યા.... માર્ગમાં જિનમંદિર આવ્યું. બન્ને દર્શનાર્થે જિનાલયમાં ગયા. પરમાત્માની શાંતરસમાં ઝીલતી જિનપ્રતિમાને નિરખતાં જ રહ્યા અને જાણે પોતાના પાપમલને ધોતા રહ્યા. ત્યાંથી વિશુદ્ધ થઇને ગુરુચરણે જીવન સમર્પિત કરી મુનિ હરિભદ્ર બન્યા... સમય જતાં આચાર્ય હરિભદ્ર બન્યા...

પૂ. જિનભટ્ટજી પૂ. હરિભદ્રસૂરિના આજ્ઞાકારી એટલેજ ગચ્છાધિપતિ ગુરુ હતા.

પૂ. જિનદત્તસૂરિ એમનો દીક્ષાકારી ગુરુ હતા.

''યાકિની મહત્તરા'' તે પૂ. હરિભદ્રસૂરિના ધર્મજનની માતા હતા. પોતાની પ્રત્યેક કૃતિમાં પ્રત્યેક ગ્રંથમાં એમણે પોતાની જાતને ''યાકિની મહત્તરા સૂનુ'' તરીકે જ ઓળખાવ્યા છે... તેમના ધર્મપુત્ર તરીકે જ પ્રગટ થયા છે.

પૂ. હરિભદ્રસૂરિ ના બે ભાણેજ હંસ અને પરમહંસ વૈરાગ્ય પામી એમની જ પાસે દીક્ષીત થયા. વ્યાકરણ, સાહિત્ય તથા દર્શન શાસ્ત્રોનો અભ્યાસ કરાવીને તે બન્નેને નિપુણ કર્યા.

એ સમયે મગધની આસપાસ બૌદ્ધ ધર્મની પ્રબળતા હતી. એમની અનેક વિદ્યાપીઠો હતી. એમાં એક વિદ્યાપીઠ અત્યંત વિશાળ હતું જેમાં ૧૫૦૦ અધ્યાપકો અને ૧૫૦૦૦ વિદ્યાર્થીઓ હતા. હંસ-પરમહંસને આ વિદ્યાપીઠમાં જઇને બૌદ્ધ શાસ્ત્રોને જાણવાની તલપ લાગી. ગુરુ આજ્ઞા ન મળવા છતાં બન્ને ત્યાં ગયા.. મુનિ માંથી ભિક્ષુ બન્યા.... પોતાના આચારાદિમાં પરિવર્તન કર્યું... પ્રવેશ મળ્યો... અભ્યાસ કરવા લાગ્યા... હોશિયાર હતા... કઠિનમાં કઠિન વિષયને સહજતાથી સમજવા લાગ્યા.. બુદ્ધિબળથી ઉપયોગી પાઠો કંઠસ્થ કરવા લાગ્યા... એમના શાસ્ત્રોમાં આપેલા જિનમતના પ્રતિવાદની ટુંક નોંધ બનાવવા લાગ્યા..

એકદા આ નોંધના પાના ઉડીને અન્ય ભિક્ષુના હાથમાં આવ્યા... એમણે કુલપતિને આપ્યા... કુલપતિ સમજી ગયા કે આ પાના પોતાના મતના શત્રુના છે... જૈન સાધુના છે.... એમને ઓળખવા શી રીતે ? ભોજનશાળાના માર્ગ ઉપર જિન પ્રતિમાનું આલેખન કરાવ્યું... કોણ શું કરે છે ? નજર રાખી... બધા આલેખેલી મૂર્તિને ચાંપી ચાંપીને જવા લાગ્યા. હંસ-પરમહંસ આવ્યા... અંતરની જિનભક્તિની જ્યોત વધારે પ્રજ્વલીત થઇ... જિનની આશાતના કેમ સહન થાય- એમણે પ્રતિમાના કંઠ ઉપર ત્રણ રેખા કરી... પ્રતિમા જિનને બદલે બુદ્ધની બની પછી બન્ને આગળ વધ્યા... કુલપતિ સમજી ગયા... બીજી પરીક્ષાઓથી ખાત્રી કરી... મારી નાંખવાની યોજના બનાવી... હંસ-પરમહંસને ગંધ આવી ગઇ... વિદ્યાપીઠમાંથી નિકળી ગુરુના નગર ભણી નાસી છૂટ્યા... કુલપતિએ બૌદ્ધ ધર્મી રાજાનું લષ્કર પાછળ દોડાવ્યું... બચવાની સંભાવનાન દેખાતાં મોટા ભાઇ હંસે નાના ભાઇ પરમહંસને કહ્યું- ''પલનો વિલંબ કર્યા વિના સામે દેખાતા નગરમાં પહોંચી જા ત્યાંના સૂરપાળ રાજાની સહાયતા લઇને ગુરુ ચરણોમાં

પહોંચી જજે. મારા અવિનય અને અપરાધની માફી માંગજે.''

પરમહંસે હંસની આજ્ઞા માની ઘોડાની જેમ દોડતો એ નગરમાં પહોંચ્યો.

હંસ જે સહસ્ત્રયોધી હતો... સામે આવેલા લશ્કરને ત્રાસ પમાડતો.. કેટલાકને મારતો... કેટલાકને પાડતો... કેટલાકને ભગાડતો એકલવીર બનીને લડવા લાગ્યો... શરીર ચાળણી જેવું બની ગયું... અનેકોને પાડી અંતે એક વીરનરની જેમ ભૂમિ ઉપર ઢળી પડ્યો...

શરણાગત પરમહંસની સુરપાલ રાજાએ રક્ષા કરી... પરમહંસ સાથે શાસ્ત્રાર્થ કરવો જે હારે તેના પ્રાણ લેવા એમ નક્કી થયું... જિનભક્તિના પ્રભાવે પરમહંસ જિત્યો.. ગુરુને મળવાની પ્રબળ ઇચ્છાથી ચિત્રકુટ પહોંચ્યો. ગુરુ ચરણોમાં વંદના કરી પોતાના અપરાધ વારંવાર ખમાવ્યા. જે બન્યું તે વિસ્તારથી જણાવ્યું... વડિલ બંધુ હંસના વીરગતિની વાત જણાવતાં જણાવતાં ગુરુના ખોળામાં ઢળી પડ્યા... પ્રાણ પંખેરૂ ઉડી ગયું...

પૂ. હરિભદ્રસૂરિ પરમહંસના મુખે વૃત્તાંત સાંભળી હંસ-પરમહંસના અકાળે મૃત્યુથી મોહાંધ બન્યા.. શોકમાં મગ્ન બન્યા... શોક ક્રોધમાં પરિણમ્યો અને અંતરમાં બદલો લેવાની આગ ઝરતી ભાવના પ્રબળ બની. સુરપાળ રાજાની પાસે જઇ બૌદ્ધ સાથે વાદ કરવાની ઇચ્છાપ્રગટ કરી... સુરપાલરાજાએ કુલપતિ પાસે દૂત મોકલ્યો... કુલપતિ વિદ્યામદથી વાદ-શાસ્ત્રાર્થ માટે તૈયાર થયો... પરંતુ દૂતને કહ્યું હારે એને પ્રાણદંડ મળવાની શરત થાય તોજ શાસ્ત્રાર્થમાં આવીએ... દૂતે કહ્યું જે હારે તે ધગધગતા તેલના કડાયામાં પડે એટલે આપોઆપ પ્રાણદંડ મળે.''શરત નક્કી થઇ શાસ્ત્રાર્થ થયો... પૂ. હરિભદ્રસૂરિ જીત્યો... કુલપતિ હાર્યો... ધગધગતા તેલના કડાયામાં ક્યાં ગાયબ થઇ ગયો...

રે મોહ ! તારી ગતિ ન્યારી છે... જિનશાસનના મહાન આચાર્ય શિષ્યમોહથી એવા ક્રોધમાં પાગલ બન્યા... જાણે ભજીયાંજ ન તળતા હોય તેમ તેઓ એક પછી એક બૌદ્ધાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કરતાં એને હરાવતાં પ્રાણદંડ આપવા લાગ્યા... એમનો ક્રોધ શમ્યો નહીં... બૌદ્ધ સંઘમાં હાહાકાર મચી ગયો... બધા પ્રકાંડ વિદ્વાનો વિખરાઇ ગયા... પૂ. હરિભદ્રસૂરિએ બીજી રીતે પણ બૌદ્ધોના નાશનો સંકલ્પ કર્યો...

આજ્ઞાદાયક ગુરુ શ્રી જિનભટ્ટજીને વિષમ મોહ અને ક્રોધના સમાચાર મળ્યા.... શિષ્યની દયા આવી... એમણે બે શિષ્યોને પૂ. હરિભદ્રના કષાયને ઉપશાંત કરવા કેટલીક ગાથાઓ આપીને તેમની પાસે મોકલ્યા અને વિશેષમાં કહેવડાવ્યું કે-

**''કષાયો તો વધે તેના જે સેવે કૂટશાસ્ત્રને**
**વીરવાણી સુધા ચાખ્યા પછી તો તે વધે નહીં''**

સ્વપ્નમાંથી કોઇ જાગે...

કોઇ દીર્ઘ વિકલ્પની જાળમાંથી જાગે...

ઘેનમાંથી કોઇ જાગે તેમ...

ગુરુ ઉપદેશની અસર થતાં જ શ્રી હરિભદ્રસૂરિ જાગી ગયા... ક્રોધપિશાચને મોહને ઓળખી એમાંથી મુક્ત બન્યા... પોતે પોતાના કરેલા અકલ્યાણનું ભાન થયું... આંખમાંથી પશ્ચાતાપની અશ્રુધારા વહેવા

લાગી... બાજી હાથમાંથી સરી પડી હતી... પશ્ચાતાપ સિવાય હવે કોઇ માર્ગ ન હતો...

રાજાની અનુમતિ લીધી.... ગુરુ ભગવંતના મહાઉપકારોને વાગોળતાં ગુરુચરણોમાં પહોંચી ગયા.... સંસારથી હારેલા અને થાકેલાના વિસામો જિન સાધુ છે તેવી જ રીતે ભુલા પડેલા સાધુનું સ્થાન ગુરુ ચરણ અને ગુરુશરણ સિવાય ક્યાં હોઇ શકે ?... ગુરુ પાસે પહોંચી... પરમોપકારીના ચરણમાં બેસી ગયા... ગુરુ દેવનો વાત્સલ્ય ભીનો હાથ એમના મસ્તકે ફરી વળ્યો... અંતરની આગ ઠરી ગઇ... ગુરુ પાસે પ્રાયશ્ચિત લઇ પ્રાયશ્ચિત દ્વારા પોતે નિર્મળ બન્યા... અનેકોને નિર્મળ બનાવવા ૧૪૪૪ ગ્રંથોની રચના કરી જિનશાસન ઉપર મહા-ઉપકાર કર્યો. સ્વ-પર કલ્યાણકરી જિનશાસનના અદ્વિતિય પ્રભાવક બન્યા...

**યોગ સાથે સંકળાયેલા એમના પવિત્ર ગ્રંથો છે-** 'યોગ દૃષ્ટિ સમુચ્ચય' 'યોગબિન્દુ', 'યોગશતક' અને 'યોગવિંશિકા' આ ચાર ગ્રંથોએ તેમનો પ્રભાવ સમગ્ર વિશ્વમાં જૈનેતર સમાજમાં પણ વિસ્તાર્યો છે. યોગને લગતા જૈન-જૈનેતર દરેક પંરપરાની વાતોને પોતાની બુદ્ધિના પ્રભાવ દ્વારા વિશિષ્ટ રીતે નિરૂપી જગત સમક્ષ રજૂ કરી છે. તેમાંય ખાસ કરીને આ ચાર ગ્રંથોનો ક્રમ પણ બહુ જ અદ્‌ભૂત છે. યોગમાં વિશેષ રુચિ ધરાવનારા જીવો માટે તેઓએ વિસ્તૃત રચના કરી છે અને તેનું નામ આપ્યું 'યોગદષ્ટિસમુચ્ચય', જે લગભગ સાડા સાતસો ગાથાથી વધુ ગાથા અર્થાત્ શ્લોકો ધરાવે છે. તો મધ્યમ રુચિવાળા જીવો માટે તેઓએ 'યોગબિન્દુ' અને 'યોગશતક' નામના ગ્રંથની રચના કરી છે. જેમાં યોગબિન્દુ ગ્રંથમાં લગભગ સવા ત્રણસો ગાથા છે અને 'યોગશતક' ગ્રંથમાં તેના નામ પ્રમાણે ફક્ત સો શ્લોક અર્થાત્ ગાથા છે. તેના કરતાં પણ અત્યંત સંક્ષેપરુચિવાળા જીવો માટે આ બધાનો સાર માત્ર વીશ ગાથામાં આપી 'યોગવિંશિકા' ગ્રંથની રચના કરી છે. યોગના ક્ષેત્રમાં તેમની આ રચનાઓ મહર્ષિ પતંજલિના 'યોગસૂત્ર'ની રચનાને યાદ અપાવે છે. જૈન પરંપરાના એ મહર્ષિ પતંજલિ જ છે.

તેઓનો આવો જ એક અદ્‌ભુત ગ્રંથ છે 'ષડ્દર્શન સમુચ્ચય,' જેમાં તે કાળે વિદ્યમાન સર્વ દાર્શનિક પરંપરાઓમાં વિશેષ મહત્વ ધરાવતાં છ દર્શનની વિશેષ અને મૂળભૂત પાયાની સમજ આપી છે. હજુ આજે પણ ભારતીય દાર્શનિક પરંપરાનું અધ્યયન કરનારને છયે દર્શનનું એક સાથે નિરૂપણ જોઇતું હોય તો તેમણે આ ગ્રંથનું અવશ્ય અધ્યયન કરવું જ પડે. આ ગ્રંથની સૌથી મોટી વિશેષતા એ છે કે જ્યારે કોઇ પણ વ્યક્તિ આ ગ્રંથમાં નિર્દિષ્ટ જે તે દર્શનનું અધ્યયન કરતો હોય ત્યારે તેને એવું લાગતું નથી કે આ હું અન્ય પરંપરાના વિદ્વાનની પાસે અધ્યયન કરું છું. અર્થાત્ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી જે તે દાર્શનિક પરંપરાને વફાદાર રહીને જ એ નિરૂપણ કરે છે. ક્યાંય પોતાની અંગત માન્યતા કે પોતાને જેના ઉપર શ્રદ્ધા છે તે દર્શનની માન્યતાને વચ્ચે લાવતા નથી. તે સિવાય અન્ય કોઇ પણ દર્શનનો પક્ષ લીધા વગર શુદ્ધ નિરૂપણ કરે છે. આ ત્યારે જ શક્ય બને કે જ્યારે ગ્રંથકાર આચાર્યશ્રીએ જે તે પરંપરાનું કોઇ પણ જાતના પક્ષપાત વગર અધ્યયન કર્યું હોય અને તે ખરેખર પચાવ્યું હોય. એ જ કારણે તેમના આ ગ્રંથોએ આજ દિન સુધી જૈન-જૈનેતર દાર્શનિક પરંપરાઓમાં વિશિષ્ટ સ્થાન ટકાવી રાખ્યું છે.

# શ્રી દંડક પ્રકરણ

-શ્રી જિનહંસમુનિ

## સમુદ્‌ઘાતદ્વાર...

વેય कसाय मरणे, वेउव्विय तेयऐयआहारे ।
केवलीय समुग्घाया, सत्त इमे हुंति सन्नीणं ।। १६ ।।

વેદના, કષાય, મરણ, વૈક્રિય તૈજસ, આહારક અને કેવલી એ સાત સમુદ્‌ઘાત સંજ્ઞી મનુષ્યોને હોય છે.

વસ્ત્ર જો ઘડી કરીને સુકાવવામાં આવે તો એને સુકાતાં ઘણો સમય લાગે છે. પરંતુ એને જો ખુલ્લું કરીને પછી સુકાવવામાં આવે તો તે અલ્પ સમયમાં સુકાઇ જાય છે એ આપણા દિન બ દિનના... રોજના અનુભવની વાત છે. એવી જ રીતે આત્મ પ્રદેશો જ્યારે દેહ પ્રમાણ હોય છે ત્યારે એની સાથે જોડાયેલ કર્મોને ક્ષય કરવામાં કર્મો ખપાવવામાં ઘણો સમય લાગે છે. જ્યારે એજ આત્મ પ્રદેશોને શરીરમાંથી બહાર કાઢવામાં આવે અને વિસ્તૃત કરવામાં આવે-૧૪ રાજલોકમાં ફેલાવવામાં આવે ત્યારે એની સાથે જોડાયેલા કર્મો અલ્પ સમયમાં ક્ષય થઇ જાય છે. જ્યારે જ્યારે કર્મના મોટા જત્થાને ખપાવવાની આવશ્યકતા જણાય ત્યારે ત્યારે એથી વેદનીય-મોહનીય (કષાય) આદિ કર્મનો ક્ષય થાય છે. કર્મ ક્ષયની ક્રિયામાં આ સમુદ્‌ઘાતની ક્રિયા સહાયક બને છે. આવી સાત સમુદ્‌ઘાતની ક્રિયા કેવળ સંજ્ઞી મનુષ્ય જ કરી શકે છે.

**આ સાત સમુદ્‌ઘાતના નામ નીચે પ્રમાણે છે-**

(૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત. (૩) મરણ સમુદ્‌ઘાત (૪) વૈક્રિય સમુદ્‌ઘાત (૫) તૈજસ સમુદ્‌ઘાત (૬) આહારક સમુદ્‌ઘાત તથા (૭) કેવલી સમુદ્‌ઘાત.

સમુદ્‌ઘાતની વિશેષ સમજણ આગળ આપવામાં આવી છે.

## સમુદ્‌ઘાત

**દેહમાં રહેલા આત્મપ્રદેશો જોરથી અચાનક શરીરની બહાર નીકળી... વધારે પડતા જુના કર્મપુદ્‌ગલોની ઉદીરણા કરી.. કર્મોને ભોગવીને નાશ કરવાની એક પ્રકારની વિશિષ્ટ પ્રક્રિયા તે જીવ**

**સમુદ્ઘાત કહેવાય છે.**

## જીવ–સમુદ્ઘાત સાત પ્રકારે છે–

**(૧) વેદના સમુદ્ઘાત-** વેદનાથી અત્યંત વ્યાકુળ થયેલા જીવના આત્મપ્રદેશો એકાએક જોરથી શરીરમાંથી બહાર નીકળી પડે છે... અશાતા વેદનીય કર્મના ઘણા પુદ્ગલોને ભોગવી નાશ કરે છે... આત્મપ્રદેશો ફરીથી શરીરમાં સમાઇ જાય છે.

**(૨) કષાય સમુદ્ઘાત-** કષાયથી વ્યાકુળ થયેલા જીવના આત્મપ્રદેશો એકાએક જોરથી શરીરમાંથી બહાર નીકળી પડે છે... મોહનીય કર્મના ઘણા પુદ્ગલોની ઉદીરણા કરે છે... એ કર્મોને ભોગવીને નાશ કરે છે.... આત્મપ્રદેશો ફરીથી શરીરમાં સમાઇ જાય છે. કષાય સમુદ્ઘાતમાં કષાયના કારણે જૂના ઘણા કર્મો ખપે છે... નાશ પામે છે પરંતુ તેના કરતા નવા કર્મ ઘણા બંધાય છે. બીજા કોઇ સમુદ્ઘાતમાં નવા કર્મો બંધાતા નથી.

**(૩) મરણ સમુદ્ઘાત-** મરણ સમયે અત્યંત વ્યાકુળ થયેલા જીવના આત્મપ્રદેશો એકાએક શરીરની બહાર નીકળે છે... આયુષ્ય કર્મના ઘણા પુદ્ગલોની ઉદીરણા કરે છે... ભોગવીને નાશ કરે છે... અને એ સાથે જ મરણ પામે છે. કોઇ જીવ ફરીને પોતાના મૂળ શરીરમાં દાખલ થઇને મરણ પામે છે.

**(૪) વૈક્રિય સમુદ્ઘાત-**ઉત્તર વૈક્રીય શરીર બનાવતી વખતે વૈક્રિય લબ્ધિવાળો જીવ પોતાના આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢે છે... વૈક્રિયનામકર્મના ઘણા પુદ્ગલોની ઉદીરણા કરે છે.... ભોગવીને નાશ કરે છે... અને એ સમયે વૈક્રિય વર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરીને ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે.

**(૫) તૈજસ સમુદ્ઘાત-** તેજોલેશ્યા અથવા શીતલેશ્યા મૂકવાના સમયે તૈજસ લબ્ધિવાળો જીવ પોતાના આત્મપ્રદેશને શરીરની બહાર કાઢે છે.. તૈજસ નામકર્મના ઘણા કર્મ પુદ્ગલોની ઉદીરણા કરે છે... એ સમયે તૈજસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને તેજોલેશ્યા કે શીતલેશ્યા મૂકે છે.

**(૬) આહારક સમુદ્ઘાત-** આહારક શરીર બનાવવાના સમયે આહારક લબ્ધિવાળો જીવ (ચૌદ પૂર્વધર) પોતાના આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢે છે... આહારક નામકર્મના ઘણા પુદ્ગલોની ઉદીરણા કરે છે... ભોગવીને એમનો નાશ કરે છે. અને એજ સમયે આહારક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી આહારક શરીર બનાવે છે.

**(૭) કેવલી સમુદ્ઘાત-** ચાર અઘાતી કર્મોની સ્થિતિ જ્યારે સમાન નથી હોતી... નામ-ગોત્ર અને વેદનીય કર્મ સ્થિતિ જ્યારે આયુષ્યકર્મની સ્થિતિ કરતા વધુ હોય છે ત્યારે ચારે કર્મની સ્થિતિ સમાન / સરખી કરવા કેવલી ભગવંત આયુષ્યના છેલ્લા અંતમુહૂર્તમાં આઠ સમયનો કેવલી સમુદ્ઘાત કરે છે.

આઠ સમયમાં કેવલી ભગવંત શું પ્રક્રિયા કરે છે તે જણાવતાં કહે છે-

પ્રથમ સમયે કેવલી ભગવંત પોતાના આત્મપ્રદેશોનો સ્વદેહ પ્રમાણ જોડો બનાવે છે. આ દંડ ૧૪ રાજલોક પ્રમાણ કરે છે.

બીજા સમયે પોતાના આત્મપ્રદેશોને ઉત્તર દક્ષિણ (અથવા પૂર્વ-પશ્ચિમ) વધારીને કપાટ જેવો આકાર બનાવે છે.

ત્રીજા સમયે પોતાના આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ (અથવા ઉત્તર-દક્ષિણ)વધારીને રવૈયા જેવો આકાર બનાવે છે.

ચોથા સમયે ચાર આંતરા પૂરીને સંપૂર્ણ ૧૪ રાજલોકમાં આત્મપ્રદેશોને વિસ્તારે છે. ( આ સમયે આત્માના રૂચક પ્રદેશો લોકના રૂચક પ્રદેશો જ્યાં હોય ત્યાં હોય છે.)

પાંચમા સમયે ઉલટી પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. ચાર આંતરા કેવલી ભગવંત સંહરે છે. અને રવૈયા જેવો આકાર બને છે.

છઠ્ઠા સમયે એક કપાટ સંહરે છે. કપાટ જેવો આકાર બાકી રહે છે.

સાતમા સમયે બીજો કપાટ સંહરે છે દંડ જેવો આકાર બને છે.

આઠમા સમયે દંડ સંહરીને કેવલી ભગવંત પોતાના પૂર્વ દેહ પ્રમાણ થઇ જાય છે.

કેવલી સમુદ્ઘાતથી નામ-ગોત્ર-વેદનીય કર્મનો અપવર્તના કરણ દ્વારા ઘણોજ વિનાશ થાય છે. હવે નામ-ગોત્ર-વેદનીય કર્મની સ્થિતિ આયુષ્યકર્મના સ્થિતિ જેટલી થઇ જાય છે.

## ક્યા જીવને ક્યા સમુદ્ઘાત હોય ?


સર્વ જીવોને વેદના-કષાય અને મરણ સમુદ્ઘાત હોઇ શકે છે. દેવ-નારકી અને વૈક્રિય લબ્ધિવાળા જીવોને વૈક્રિય સમુદ્ઘાત હોઇ શકે છે. તૈજસ લબ્ધિવાળા ગર્ભજ પંચેન્દ્રિય તથા તેજો કે શીતલેશ્યા મુકતી વખતે દેવને તૈજસ સમુદ્ઘાત હોય છે.

આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મહાત્માને આહારક શરીર બનાવતી વખતે આહારક સમુદ્ઘાત હોય છે.

કેવલી સમુદ્ઘાત કેવલી ભગવંતોને ચાર અઘાતી કર્મની સ્થિતિ સરખી ન હોય ત્યારે હોય છે.

## સમુદ્ઘાત

| દંડક સંખ્યા | દંડક નામ | સમુદ્ઘાત |
|---|---|---|
| ૧ | વાયુકાય | વેદના-કષાય-મરણ-વૈક્રિય (૪) |
| ૭ | પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વનસ્પતિકાય, બે-તે-ચઉરિન્દ્રિય | વેદના-કષાય-મરણ (૩) |
| ૧ | ગર્ભજ તિર્યંચ | વેદના-કષાય-મરણ-વૈક્રિય અને તૈજસ (૫) |
| ૧ | ગર્ભજ મનુષ્ય | બધાજ સાત સમુદ્ઘાત હોય, છદ્મસ્થને છ સમુદ્ઘાત કેવલીને ફક્ત કેવલી સમુદ્ઘાત (૭) |
| ૧૩ | ભવનપતિ (૧૦), વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક | વેદના-કષાય-મરણ-વૈક્રિય અને તૈજસ (૫) |
| ૧ | નારક | વેદના-કષાય-મરણ-વૈક્રિય (૪) |



# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

## પ્રમત્ત સંયત ગુણસ્થાન (ચાલુ...)

પ્રમત્ત સંયત ગુણસ્થાને રહેલો સાધક નિરાલંબન ધ્યાન કરવાનો અધિકારી નથી. નિરાલંબન ધ્યાન માટે એને નિષેધ કરતાં કહે છે-

**यावत्प्रमादसंयुक्त स्तावत्तस्यन तिष्ठति ।**
**धर्मध्यानं निरालम्बमित्युचुर्जिन भास्करा: ।।२९।।**

જિન એટલે જ ભગવન્ત રૂપી સૂર્ય-ભાસ્કર એમ કહે છે કે જ્યાં સુધી સાધક પ્રમાદ સંયુક્ત છે ત્યાં સુધી તે સાધુને આલંબન રહિત ધર્મધ્યાન સંભવતું નથી ... હોતું નથી... કારણ આ ગુણસ્થાને ધર્મધ્યાન મધ્યમ છે પરંતુ મુખ્ય વૃત્તિથી નથી. એટલે નિરાલમ્બન ધ્યાન કરવું અયોગ્ય છે.

જે આ વાત ન માને એને ફરીથી હિતશિક્ષા આપે છે-

**प्रमाद्यावस्यकत्यागा न्निश्चलध्यान माश्रयेत् ।**
**यौऽसौनैवागमंजैनं, वेत्तिमिथ्यात्व मोहित: ।।३०।।**

જે સાધુ પ્રમાદ યુક્ત છે અને સામાયિકાદિ છ આવશ્યકને છોડીને નિશ્ચલ ધ્યાન કરે છે એને મિથ્યાત્વી કહેવું, કારણ કે તે જૈનાગમને પણ નથી જાણતો. જિનશાસન નિશ્ચય અને વ્યવહાર યુક્ત છે. જે વ્યવહારનો લોપ કરે છે તે મિથ્યાત્વી છે. જિન શાસન કહે છે કે નિશ્ચયને અંગીકાર કરો પરંતુ વ્યવહારને ન છોડો. જેણે વ્યવહાર છોડયો એણે શાસનનો ઉચ્છેદ કર્યો.

દૃષ્ટાંતથી આ વાત સમજાવે છે-

એક માણસ દરરોજ પોતાના ઘરે નિરસ ભોજન કરે છે. એક વખત ક્યાંકથી આમંત્રણ આવ્યું. આમંત્રણને માન આપી માનવી એને ઘેર જમવા ગયા. જમણવારમાં અનેક પ્રકારની સરસ... સ્વાદિષ્ટ રસવતી જમ્યા પછી બીજા દિવસે પોતાના ઘરનું ભોજન કરવા બેઠો પણ ભોજન ભાવતું નથી તેથી તેમણે ઘરના ભોજનનો ત્યાગ કર્યો... સરસ-સ્વાદિષ્ટ ભોજન મળ્યું નહીં... ક્ષુધા વેદનીયથી માણસ દુઃખી દુઃખી થઇ ગયો... અતોભ્રષ્ટ-તતો ભ્રષ્ટ થઇ મરણને શરણ થયો.

કથાનકનો ઉપનય જણાવતાં કહે છે કે છટ્ઠાસ્થાને રહેલો સાધક છ આવશ્યાકાદિ ક્રિયા કરતા સાતમા ગુણસ્થાન કે જાય છે જ્યાં તે નિરાલંબન ધ્યાનામૃત પ્રાપ્ત કરે છે. હવે ફરી તે છટ્ઠા ગુણસ્થાનકે આવે છે ત્યાં એને નિરસ ભોજન તુલ્ય છ આવશ્યકાદિ ક્રિયા ગમતી નથી એથી એણે એ ક્રિયાઓનો

ત્યાગ કર્યો અને ક્રિયા છોડવાથી (આલંબન છોડવાથી) નિરાલંબન ધ્યાનમૃતની પ્રાપ્તિ થતી નથી. તેથી તે ઉભયથી ભ્રષ્ટ થઇને દુઃખી દુઃખી થઇ ગયો. તેથી નિશ્ચય અને વ્યવહાર બન્નેને જીવનમાં સ્થાન આપવું જોઇએ.

જ્યાં સુધી અપ્રમત્તદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નિશ્ચયને મનમાં રાખી વ્યવહારમાં સાધુયોગ્ય સર્વ ક્રિયાઓ... છ આવશ્યકાદિ કરવા જોઇએ.

આ ગુણસ્થાનકે ૬૩ પ્રકૃતિનો બંધ છે... ૮૧ પ્રકૃતિનો ઉદય અને ઉદિરણા છે. તથા ૧૩૮ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

## (૭) અપ્રમત્ત ગુણસ્થાન

चतुर्थानाङ्कषायाणां जातेमन्दोदये सति ।
भवेत्प्रमाद हीनत्वादप्रमत्तो महाव्रती: ।।३२।।

પ્રથમ જણાવેલા પાંચ પ્રમાદથી રહિત.. સંજ્વલનાદિ કષાય-નોકષાયના મંદપણાથી અપ્રમત્ત જેની વૃત્તિ થઇ છે એવો સાધુ અપ્રમત્ત સંયત ગુણસ્થાનમાં આવી વસે છે. જેમ જેમ સંજ્વલન કષાય પણ મંદ-મંદ થાય છે તેમ તેમ સાધુની અપ્રમત્તદશા વિકાસ પામતી જાય છે. વિષયસુખ સુલભ હોય તો પણ એમના પ્રત્યે રુચિ થતી નથી તેમ તેમ જીવ ઉત્તમ-શ્રેષ્ઠ તત્વને પ્રાપ્ત કરે છે.

नष्टा शेष प्रमादात्मा, व्रत शील गुणाऽन्वित: ।
ज्ञानध्यानधनोमौनी शमनक्षपणोन्मुख: ।।३३।।
सप्तकोत्तरमोहस्य प्रशमाय क्षयायवा ।
सद्धयान साधनारंभं कुरते मुनि पुंगव: ।।३४।।

જેમણે સંપૂર્ણ પ્રમાદનો નાશ કર્યો છે... પાંચ મહાવ્રત અને અઢાર હજાર શીલાંગરથ ભેદવાળા બ્રહ્મચર્ય સહિત છે... તત્વ વિવેચનરૂપ જ્ઞાન અને એકાગ્રતા રૂપ ધ્યાન છે ધન જેમનું એવા... ધ્યાનની શુદ્ધતા માટે મૌનને ધારણ કરનારા એવા સાધુ મહાત્મા ઉદયમાં આવેલા મોહનીય કર્મની પ્રકૃતિઓને ખપાવે છે અને ઉદયમાં નહીં આવેલી પ્રકૃતિઓને ઉપશમાવેછે. આવા મહાત્માઓ નિરાલંબન સદ્ધ્યાન કરે છે.

સદ્ધ્યાનના ત્રણ પ્રકાર છે - (૧) આરંભક (૨) સંનિષ્ઠ અને (૩) નિષ્પન્ન યોગ. વાંદરાની જેમ ચંચળ મનને સ્થિર કરવા માટે નિરંતર નાસિકાના અગ્રભાગે (નાસાગ્રે) જેમણે દૃષ્ટિને સ્થાપન કરીને ધીર બનીને વીર આસનમાં બેસીને નિષ્કંપ સમાધિ લગાડી છે તે આરંભક કહેવાય છે.

વાયુ આસન-ઇન્દ્રિય-મન-ક્ષુધા-નિદ્રાને જીતે છે અને વારંવાર અંતકરણમાં મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ ભાવના ભાવતો જીવ ધ્યાનના બીજા સંનિષ્ઠ પ્રકારમાં પ્રવેશે છે.

અંતકરણમાંથી ચિંતનને દૂર કરી મનમાં સંપૂર્ણ વિદ્યા રૂપી અમૃતને ભરે છે... જેનું ચૈતન્ય નિરંતર

પાન કરતો થકો સમાધિમાં લીન બને છે તે અવસ્થા નિષ્પન્ન યોગ કહેવાય છે.

આ અપ્રમત્ત સંયત ગુણસ્થાને કેવું ધ્યાન સંભવે તે જણાવતાં કહે છે-

धर्मध्यानं भवत्यत्र मुख्यवृत्या जिनोदितम् ।
रुपातीत तयाशुक्ल मपिस्यादंशमात्रत: ।।३५।।

આ ગુણસ્થાને જિનેશ્વર પરમાત્માએ કહેલું ધર્મધ્યાન મુખ્યપણે હોય છે. એના ચાર ભેદ આપણે પહેલા જાણી લીધા છે. ધર્મધ્યાનની ચાર ભાવનાઓ છે. (૧) મૈત્રી (૨) પ્રમોદ (૩) માધ્યસ્થ અને (૪) કરુણા.

ધર્મધ્યાનના બીજી રીતે પણ ચાર ભેદ છે- (૧) પિંડસ્થ, (૨) પદસ્થ (૩) રુપસ્થ અને (૪) રુપાતીત.

રુપાતીત ધર્મધ્યાનમાં આંશિક રૂપથી શુકલધ્યાન છે. પરંતુ ગૌણ વૃત્તિથી છે મુખ્ય વૃત્તિથી નહીં.

આ ગુણસ્થાનમાં રહેલો સાધક સદ્ધ્યાનમાં સતત લીન હોવાથી એને વ્યવહારીક ક્રિયા માટે અવકાશ જ રહેતો નથી. આવા સમયે આવશ્યકાદિના અભાવમાં પણ સદ્ધ્યાનથી શુદ્ધિ થાય છે. આ વાત જણાવે છે-

इत्येतस्मिन् गुणस्थाने, नो संत्यावश्यकानिषट् ।
सन्ततध्यान सद्योगाच्छुद्धि: स्वाभाविकीयत: ।।३६।।

આ ગુણસ્થાનકે સામાયિકાદિ છ આવશ્યક નથી કારણ કે સામાયિકાદિ આવશ્યક તો વ્યવહાર ક્રિયારુપ છે.. તે વ્યવહાર શુદ્ધિ માટે કરાય છે. પરંતુ આ ગુણસ્થાનકે નિરંતર સદ્ધ્યાનના સંયોગથી સ્વાભાવિક શુદ્ધિ જ છે. કારણ કે અનેક પ્રકારના ચિત્તના સંકલ્પરૂપ જે મલ એનો અભાવ વર્તે છે. તેમજ અહીં સ્વભાવરૂપ નિર્મલતાપણ છે. ધ્યાનરૂપી ભાવતીર્થથી પરમશુદ્ધિને પામે છે. ગરમીથી અત્યંત આકુળ-વ્યાકુળ વ્યક્તિ એક સરોવર પાસે પહોંચે છે. સરોવરના કિનારે થંડી હવા આવતી હોવાથી એની આકુળ-વ્યાકુળતા શાંત થઇ -ગરમીમાં શાતા મળી... સરોવરનું મીઠું જલ પીવાથી તરસ દૂર થઇ તેમજ સરોવરમાં સ્નાન કરવાથી મલિનતા દૂર થઇ. એવી જ રીતે ધ્યાનરૂપી તીર્થના સેવનથી ક્રોધ રૂપ ગરમી શાંત થાય છે. લોભરૂપી તરસ દૂર થાય છે... અનાદિ કાળથી સંચિત કર્મરૂપી મલ પણ નાશ પામે છે.

આ ગુણસ્થાને ૫૯પ્રકૃતિનો બંધ હોય છે. ૭૬ પ્રકૃતિનો ઉદય અને ૭૩ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ૧૩૮ પ્રકૃતિની સત્તા હોય છે.

હવે આગળની બે ગાથામાં ૮ મા થી ૧૨ મા એ પાંચ ગુણસ્થાનોના નામ અને અર્થ જણાવે છે-

अपूर्वात्मगुणाप्तित्वादपूर्वकरणंमतम् ।
भावानामनिवृत्वा - दनिवृत्ति गुणस्पदम् ।।३७।।

**आस्तित्वात्सूक्ष्मलोभस्य भवेत्सूक्ष्मकषायकम् ।**
**शमनाच्छान्तमोहं:स्यात् क्षपणात् क्षीणमोहकम् ।।३८।।**


સંજ્વલન કષાય અને નોકષાયના મંદ ઉદયથી જે પરમ આલ્હાદની પ્રાપ્તિ થાય છે, તે પહેલા ક્યારેય થઇ નથી તે અહીં થાય છે. તેને અપૂર્વ ગુણસ્થાન કહે છે.

જોયેલા સાંભળેલા અને અનુભવેલા જે ભોગો એમની ઇચ્છા આકાંક્ષાદિક સંકલ્પ રહિત થઇને પરમાત્મતત્વપર નિશ્ચલ થઇને એકાગ્ર ધ્યાનથી અલગ ન હોય તેને અનિવૃત્તિ ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાનને અનિવૃત્તિ બાદર ગુણસ્થાન પણ કહે છે કારણ અહિં સાધક અપ્રત્યાખ્યાનાદિ ૧ ૨ કષાય અને ૯ નોકષાયને ક્રમથી ઉપશમવા અથવા ખપાવવા તૈયાર થાય છે. એ માટે એને અનિવૃત્તિ બાદર ગુણસ્થાન કહે છે.

સૂક્ષ્મ પરમાત્મ તત્વના બળથી મોહનીય કર્મની ૨૦ પ્રકૃતિ શાંત અથવા ક્ષીણ થવાથી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન. લોભના સૂક્ષ્મ અંશના હોવાથી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન કહેવાય છે. સંપરાય એટલે કષાય. જ્યાં સૂક્ષ્મ કષાય છે. તે સૂક્ષ્મ સંપરાય.

કષાયોનો ક્ષય ન કરતાં જ્યા કેવળ ઉપશમ જ થાય છે અને જે પોતાના સહજ સ્વભાવ બળથી સંપૂર્ણ મોહનીય કર્મની પ્રકૃતિઓના ઉપશમનથી ઉપશાન્તમોહ નામનું અગિયારમું ગુણસ્થાન જાણવું.

ક્ષપકશ્રેણી ઉપર આરુઢ થયેલ સાધક દસમા ગુણસ્થાને સંપૂર્ણ કષાયને નિશેષ કરીને શુદ્ધ આત્મબળ કરીને મોહનીય કર્મ ખપાવીને બારમા ક્ષીણમોહ ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે.



# આલોચના

આ ચોવિસીથી ગઇ એશીમી ચોવીસીમાં કોઇક રાજાને ઘણા પુત્ર ઉપર સેંકડો ઉપચાર કરતાં એક પુત્રી થઇ. ઘણી જ માનીતી અને ઘણા લાડકોડથી ઉછરેલી પુત્રી સ્વયંવર મંડપમાં વરને વરેલી પણ દુર્દૈવથી ચોરીમાંજ તેનો પતિ મરણ પામ્યો. આવા પ્રસંગથી વૈરાગ્ય પામેલી લક્ષ્મણા સુંદર રીતે શ્રાવિકાયોગ્ય જીવન જીવવા લાગી. એકદા ગુરુની વૈરાગ્યવાણી સાંભળીને એણે દીક્ષા અંગીકાર કરી. આ લક્ષ્મણા સાધ્વીજી એક દિવસ ચકલા ચકલીનું જોડલું મૈથુન કરતું દેખીને મનમાં વિચારવા લાગ્યા કે ''અરિહંતે મૈથુન સેવન કરવાની આજ્ઞા કેમ ન આપી ? તેઓ અવેદી હતા તે સવેદીનું દુઃખ ક્યાંથી જાણે?'' ક્ષણવાર આવો વિચાર કરતાં તરત પશ્ચાતાપ થયો ... હા... હા... મેં ખોટું વિચાર્યું... હવે હું આ પાપ કેવી રીતે આલોવીશ ? આમ વિચારતાં લજ્જા પામવા છતાં પણ જ્યાં સુધી પ્રાણી સશલ્ય હોય ત્યાં સુધી પાપશુદ્ધિ ક્યાંથી થાય ? એમ વિચારીને આલોચના લેવામાં ઉત્સાહ રાખી ઉઠીને ચાલવા લાગ્યા... પગ ભરે છે તેવામાં પગમાં કાંટો લાગ્યો તે અપશુકન થવાથી આલોચના લેવાનો ઉત્સાહ ભાંગી ગયો. તેથી ''આવો વિચાર કરવાથી શું પ્રાયશ્ચિત આવતું હશે?' એમ પરના નામના બાનાથી ગુરુની પાસે આલોચના પુછી, પણ લજ્જા અને ભયથી સાક્ષાત પોતે પોતાનું નામ લઇ પુછ્યું નહીં. પછી તે વિચારણા કરવાનાં પ્રાયશ્ચિતના ઠેકાણે પચાસ વરસ સુધી તીવ્ર તપશ્ચર્યા કરી. પારણે પણ વિગય રહિત એવા દશવર્ષ સુધી છટ્ઠ, અટ્ઠમ, દશમ (ચાર ઉપવાસ) દુવાલશ (પાંચ ઉપવાસ) કરીને તેમજ બે વર્ષ ઉપવાસ કરીને વળી બે વર્ષ ભોજન કરીને સોળ વર્ષ સુધી માસક્ષમણ કરીને, વીસ વર્ષ સુધી આયંબીલ કરીને આવી રીતે લક્ષ્મણા સાધ્વીજીએ પચાસ વરસ સુધી તપ કર્યો...

એવા આકરા દુસ્તર તપના કરવાથી પણ તે શુદ્ધ ન થયા પણ આર્તધ્યાનમાં મરણ પામી દાસ-દાસાદિક અસંખ્ય ભવોમાં તે તીવ્રતર દુઃખ અનુભવીને છેવટે શ્રી પદ્મનાભ નામના તીર્થંકરના તીર્થ વખતે સિદ્ધિ પદને પામશે.

આ જાણીને મનમાં પાપ રાખ્યા વગર આત્મશુદ્ધિ અર્થે આલોચના કરવી એ અતિ આવશ્યક છે...

એથી જ એમ લાગે છે. 'માનવ માત્ર ભૂલને પાત્ર. '' ભૂલ ભલે થાય પણ ભૂલમાંથી પાછી ફરવા.. ફરી એ ભૂલ ન થાય એ માટે આલોચના અત્યંત આવશ્યક છે.

એકદા ગણધર ગૌતમસ્વામીએ પ્રભુ મહાવીર સ્વામીને પ્રશ્ન પૂછયો -**'आलोअणयाहणं भंते !जीवे किं जणई ? ।'**

અર્થાત્ આલોચના લેવાથી હે ભગવંત ! જીવ શું પામે છે ?

જવાબ આપતાં પ્રભુ મહાવીરે કહ્યું-

**''गोयम ! आलोअणयाएणं माया निआण, मिथ्यादंसण सल्लणं, अणंतसंसार वद्धणाणं उद्धरणं करेई । उज्जुभावंचणं जणई । उज्जुभाव पाडवन्ने माणं जीवे अमाई इथ्थीवेअं नपुंसम वेअंच न बंधइ । पुव्व बद्धं चणं निज्जरेइ ।''**

''હે ગૌતમ ! આલોચના લેવાથી માયા શલ્ય, નિયાણ શલ્ય મિથ્યાત્વ શલ્ય, જે અનંત સંસારને વધારનારા છે તેઓનો નાશ કરે છે. સરળભાવ પણું પામે, સરળભાવપણું પામવાથી કપટ રહિત થાય. સ્ત્રી વેદ, નપુંસક વેદ ન બાંધે, પૂર્વે બાંધેલા કર્મને નિર્જરાવે... ક્ષય કરે... ઓછા કરે...''

ઉપરોક્ત સંવાદ વાંચીને કોઇ પણ બુદ્ધિશાળી જીવ વિચાર કરે તો એને ખ્યાલ આવે કે પોતાનું જીવન ડગલે ને પગલે પાપથી ભરેલું છે. ક્યારેક કાયાથી પાપ થાય છે... ક્યારેક સાવદ્ય (પાપકારી) વચન બોલી જવાય છે... મનથી તો લગભગ અવિરત પાપી વિચારોની વણથંભી વણઝાર ચાલુ જ હોય છે. આવા સમયે જીવનની પદ્ધતિ પણ એવી છે જે જીવને અનિચ્છાએ પાપ તરફ દોરતી જાય છે... આવા સમયે જો જીવ પરમાત્માએ બતાવેલા આલોચનાના માર્ગે આગળ વધે... આલોચના દ્વારા આત્મશુદ્ધિ પ્રાપ્ત કરે તો ઘણા ઘણા પાપોથી પોતાના આત્માને મુક્ત કરી શકે છે... એટલું જ નહિ પણ ઘણા પાપોની પરંપરાને અટકાવી શકે છે... નિકાચીત બાંધેલા કર્મને શીથીલ બનાવી... ક્ષય કરી શકે છે... દુર્ગતિ નિવારી... સદ્ગતિને સહજતાથી પામી શકે છે. આલોચનાના માર્ગને સ્વીકારીને અનેક આત્માઓ શિવગતિને પામ્યા છે. અનેક આત્માઓએ દુર્ગતિ દૂર કરી... સદ્ગતિની પરંપરા અને પ્રાંતે સિદ્ધિ મેળવી છે. આવા વિવિધ લાભોથી યુક્ત અને અનેક દોષોથી મુક્ત કરાવનાર આલોચનાને જાણવાનો, સમજવાનો અને એના દ્વારા જીવનને સુંદર રીતે શણગારવાનો સફળ પ્રયોગ કરવા પ્રયત્નશીલ બનીએ.

આલોચના લેવાથી થતા લાભો...

**लहुआ ल्हाईजणणं, अप्पपर निवत्ति अवज्जवं सोही ।**
**दुरकक्करणं आणा, निस्सलतंच सोहीगुणा ।।**

આલોચના લેવાથી આલોચકને નીચે મુજબ લાભ થાય છે -

(૧) જેમ ભાર ઉપાડનારનો ભાર દૂર કરવાથી હલકો થાય તેમ શલ્ય (પાપ) ઉદ્ધારવાથી (આલોચવાથી)

આલોચના લેનાર હળવો થાય છે.

(૨) પાપ (દોષ) દૂર થવાથી પ્રમોદ ઉત્પન્ન થાય છે...

(૩) પોતાના અને પરના દોષની નિવૃત્તિ થાય છે. આલોચના લેવાથી પોતાના દોષની તો નિવૃત્તિ થાય તે સહજ છે પણ એકને આલોચના કરતાં દેખી બીજા લોકો પણ આલોચના લેવાને સન્મુખ થાય છે...

(૪) સુંદર રીતે આલોચના લેવાથી નિષ્કપટીપણું થાય છે...

(૫) અતિચારરૂપ મેલના દૂર થવાથી આત્માની શુદ્ધિ થાય છે....

(૬) દુષ્કરકારતા થાય છે. દોષોને (પાપોને) ગુરુ સમક્ષ પ્રગટ કરવા તે અત્યંત દુષ્કર છે કારણ આ જીવને અનાદિકાળથી પાપનોજ અભ્યાસ છે... આલોચનાનો અભ્યાસ નથી તેથી જ એનો અભ્યંતર તપમાં સમાવેશ કરવામાં આવ્યો છે...

(૭) આલોચના લેવાથી તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે.

(૮) તેમજ આત્મા નિશલ્યપણું પામે છે. તીવ્રતર અધ્યવસાયથી કરેલું મોટું નિકાચિત; પણ બાળ, સ્ત્રી, યતિ હત્યા, દેવાદિક દ્રવ્ય ભક્ષણ, રાજાની રાણી ઉપર ગમનાદિક મહાપાપ, સમ્યક વિધિપૂર્વક ગુરુએ આપેલું પ્રાયશ્ચિત ગ્રહણ કરે તો તે જ ભવે પણ શુદ્ધ થાય છે. એમ જો ન હોય તો દ્રઢપ્રહારી વિગેરેની તેજ ભવમાં મુક્તિ કેમ હોય ? તેથી જ પ્રતિવર્ષે અને દરેક ચોમાસે આલોચના અવશ્ય ગ્રહણ કરવી જ જોઇએ.

## આલોચનાચાર્ય કેવા હોય ?

आयारव माहरवं, ववहारुव्वीलए पकुव्वीय ।
अपरिस्सावी निज्जव, अवाय दंसी गुरूभणिओ ।।

આલોચનાચાર્ય નીચે જણાવેલા ગુણોથી યુકત હોય–

(૧) જ્ઞાનાદિ પંચવિધ આચારવાન હોય,

(૨) આલોચના લેનારે પોતાના દોષ કહી દેખાડ્યા છે તેને ચોતરફ વિચાર કરીને ધારણ કરનાર આધારવાન હોય.

(૩) આગમાદિ પંચ પ્રકારના વ્યવહારના જાણ તે આગમ વ્યવહારી હોય તેમાં (અ) કેવળી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી દશપૂર્વી, નવપૂર્વી સુધીના જ્ઞાનવાળા તે આગમ વ્યવહારી ગણાય...

(આ) આઠ પૂર્વથી ઉતરતાં એક પૂર્વધારી યાવત અર્ધપૂર્વધારી, એકાદશાંગધારી છેવટ નિશીથાદિક શ્રુતના પારગામી તે શ્રુત-વ્યવહારી ગણાય છે...

(ઇ) દૂર રહેલા આચાર્ય અને ગીતાર્થ પરસ્પર જો મળી શકે એમ ન હોય તે પરસ્પર પૂછીને કે ગુપ્ત એક બીજાની સંમતી લઇ આલોચના આપે તે આજ્ઞા-વ્યવહારી ગણાય છે...

(ઇ) પોતાના ગુર્વાદિકે કોઇકને આલોચના આપી હોય તે ધારી રાખેલ હોવાથી તે પ્રમાણે આલોચના આપે તે ધારણ વ્યવહાર કહેવાય છે..

(ઉ) આગમમાં કહેલી રીતીથી કંઇક અધિક અથવા ઓછું અથવા પરંપરાથી આચરણ થયેલું હોય તેમ આલોચના આપે તે જીત-વ્યવહાર કહેવાય છે.

આ પાંચ પ્રકારના આચારને જાણતા હોય તે વ્યવહારવાન કહેવાય છે.

(૪) આલોચના લેનારને એવી વૈરાગ્યની યુક્તિથી પૂછે કે તે પોતાનું પાપ પ્રકાશતાં લજ્જા પામે નહીં...

(૫) આલોચના લેનારને સમ્યક પ્રકારે પાપશુદ્ધિ કરાવનાર તે પ્રકૃર્વી કહેવાય છે...

(૬) આલોચના લેનારનું પાપ બીજા કોઇને કહી આપે નહીં તે અપરિશ્રાવી કહેવાય છે.

(૭) આલોચના લેનારની શક્તિ જોઇ તે જેટલું નિર્વાહ કરી શકે તેવું જ પ્રાયશ્ચિત આપે તે નિર્વાક કહેવાય છે...

(૮) ખરેખર આલોચના ન લે અને સમ્યક આલોચના ન બતાવે તે બન્ને જણ બન્ને ભવમાં દુઃખી થાય એમ જણાવી આપે તે આપાયદર્શી કહેવાય છે.

ઉપરોક્ત આઠ પ્રકારના ગુણ હોય તેની પાસેથી જ આલોચના લેવી...

## આલોચના લેનારના દસ દોષ

**आकंपइता अणुमाणइत्ता, जं दिट्ठं बाहिरंव सुहुमेवा !**
**छन्नं सद्याउलय, बहुजण अवत्ततंसे वी !!**

જે આલોચના આપનાર ગુરુ ભગવંતોના ગુણો બતાવ્યા તેમજ આલોચના લેનારને કેવા દોષ લાગવાની સંભાવના હોય છે તે દસ દોષ જણાવે છે-

(૧) જો હું ગુરુનું વૈયાવચ્ચ કરીશ તો મને પ્રાયશ્ચિત તપ થોડું જ આવશે એવા આશયથી ગુરુની ઘણી વૈયાવચ્ચ કરીને આલોચના લે તે **''આકંપ''** દોષ છે...

(૨) અમુક આચાર્ય સર્વને હલકું પ્રાયશ્ચિત આપે છે એવું અનુમાન કરીને જે હલકું પ્રાયશ્ચિત આપતા હોય તેની પાસે જઇને આલોવે તે **'અનુમાન દોષ'** બીજો સમજવો.

(૩) જે જે પોતે દોષ લગાડેલા છે તેમાંથી બીજા કોઇએ જે જે દોષ દીઠેલા હોય તેને જ આલોવે પણ બીજા કોઇએ દીઠેલા ન હોય તેને આલોવે નહીં તે **'દૃષ્ટ દોષ'** છે.

(૪) જે જે મોટા દોષ લાગેલા હોય, તેને આલોવે પણ નાના દોષ હોય તેને અવગણી નાખે તે **''બાદર દોષ''** છે.

(૫) લોકોને દેખાડવારૂપ નાના દોષ હોય તે જ આલોચે પણ મોટા દોષ ન આલોચે તે **''સુક્ષ્મ દોષ''** છે.

(૬) છાની રીતે આવીને અથવા ગુરુ બરાબર સાંભળી ન શકે એમ આલોચે તે **''છન્ન દોષ''** છે.

(૭) શબ્દાકુળ વખતે આલોચે એટલે ઘણા માણસો બોલતા હોય તેના વચ્ચે પોતે પણ બોલી જાય અથવા ગુરુ પણ બરાબર ન સાંભળી શકે તેમ આલોચે તે **'શબ્દાકુળ દોષ'** છે.

(૮) ઘણા માણસોને સંભળાવવા માટે મોટા શબ્દોથી આલોવે તે **''બહુજન દોષ''** છે.

(૯) છેદ ગ્રંથોના રહસ્યથી અજાણ ગુરુ પાસે આલોવે તે **''અવ્યક્ત દોષ''** છે.

(૧૦) જેવા 'દોષ' પોતે લગાડેલા છે તેવાજ દોષ લગાડનાર કોઇક બીજો જણ ગુરુ પાસે આલોચતા જાણી ને તે પ્રાયશ્ચિત કરી લે તે **''તત્સેવી દોષ ''** છે....

આપણે જીવનશુદ્ધિ-આત્મશુદ્ધિ માટે આલોચના અવશ્ય લેવાની જ છે.. પરંતુ આલોચના લેતી વખતે ઉપરોક્ત જણાવેલા દસ દોષોમાંથી કોઇ દોષ ન લાગે તેમ સરળતાથી આલોચના લેવાની છે. જેવા આલોચના આચાર્ય કહ્યા છે એવા આલોચનાચાર્ય શોધીને એમની પાસે પોતાના દોષ જણાવી યોગ્ય પ્રાયશ્ચિત લેવાનું છે. ગુરુભગવંત જે પ્રાયશ્ચિત આપે તે સ્વીકારીને શ્રદ્ધા પૂર્વક પૂર્ણ કરવાનું છે. જીવનમાં આવા દોષોનું ફરિથી સેવન ન થાય એ માટે સાવધાન બનવાનું છે, દોષ મુક્તિનો આજ એક રાજમાર્ગ છે, જેને અનુસરીને અનેકાનેક આત્માઓ શુદ્ધ અને સિદ્ધ બન્યા છે.... બને છે... અને બનશે...

આવો ! આપણે પણ એ માર્ગે ડગ માંડીએ...